# **અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન નો હકીકતલક્ષી અહેવાલ** તા. ૨૯-૦૭-૨૦૧૭

**રોડની કામગીરી**

- શહેરમાં ચાલુ ચોમાસા દરમ્યાન કુલ **૪૫૦૦** જેટલા ખાડા (Potholes) રોડ પર પડેલ જે પૈકી **૪૧૦૦** ખાડા (Potholes) પુરવામાં આવેલ છે. જ્યારે બાકીના ૪૦૦ ખાડા (Potholes) આગામી ૨૪ કલાકમાં પૂર્ણ કરવામાં આવશે.
- **રોડ પેચવર્ક:** કુલ ૨૮૦૦૦ મી$^{2}$ વિસ્તારમાં પેચવર્કની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવેલ છે. જે વરસાદ બંધ થયેથી દિન ૭માં પૂર્ણ કરવામાં આવશે.
- કુલ ૧૪૪ ટીમ છ ઝોનના ૪૮ વોર્ડ પૈકી દરેક વોર્ડમાં ૩ ટીમ મુજબ બનાવવામાં આવેલ છે. દરેક ટીમમાં ૬ મજુર, ૧ ટેકટર તથા જરૂરી તમામ સામાન સાથે કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- શહેરના કુલ ૨૬૦૦ કી.મી.ના રોડ પૈકી ૨૦૨ કી.મી. ના રસ્તા ને નુકશાન થયેલ છે. ૬૦૦ કી.મીના રસ્તાઓ પૈકી ૧૮ કી.મીના રસ્તાઓ ડીફેકટ લાયેબીલીટી પીરીયડમાં આવે છે. જ્યારે ૨૦૦૦ કી.મી.ના રસ્તાઓ પૈકી ૧૮૪ કી.મી.ના રસ્તાઓ ડીફેકટ લાયેબીલીટી પીરીયડમાં આવતા નથી. સદર રસ્તાઓ ચોમાસુ પૂર્ણ થયા બાદ બે માસની અંદર સંપૂર્ણ રીપેર કરવામાં આવશે.
- મેટ્રોના રસ્તા: શહેરમાં ભારે વરસાદને કારણે મેટ્રો રૂટ પરના રસ્તાઓ પૈકી ૩૩૩૦ મીટર ના રસ્તાઓ નુકશાન પામેલ છે. જે પૈકી ૧૨૫૦ મીટરના રસ્તાઓનું સમારકામ થયેલ છે. જ્યારે બાકી રહેલ કામગીરી અંર્તગત ૮૦૦ મીટરના રસ્તા ૨૪ કલાકમાં તથા ૧૨૮૦ મીટરના રસ્તા ૪૮ કલાકમાં મેટ્રો દ્વારા પૂર્ણ કરવામાં આવશે.

**સ્થળાંતર અને ભરાયેલ પાણીના નિકાલની કામગીરી**

- **સ્થળાંતર:** ત્રણ ઝોનમાં જુદી જુદી સાત જગ્યાએ કુલ ૧૪૭૦ માણસોનું સ્થાળાંતર કરવામાં આવેલ છે. જે પૈકી ૨૯-૦૭-૨૦૧૭ સુધીમાં ૧૪૦૦ માણસો મુળ સ્થળે પરત થયેલ છે. હાલમાં ૭૦ માણસો સ્થળાંતરની જગ્યા ઉપર છે.
- **પાણી ભરાવવાની ફરીયાદ:** શહેરમાં ચાલુ વર્ષે કુલ ૮૩૮ જગ્યાએ પાણી ભરાવવાની ફરીયાદ મળેલ છે. જે પૈકી ૮૩૦ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે.જ્યારે બાકી રહેલા ૮ જગ્યાઓ પર કામગીરી ચાલુ છે. જે પૈકી મધુમાલતી વિસ્તારમાં આગામી ૪૮ કલાકમાં કામગીરી પુર્ણ કરવામાં આવશે તથા વંદેમાતરમ વિસ્તારમાં ૨૪ કલાકમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે.જ્યારે બાકીના ૬ સ્થળે ૧૨ કલાકમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

**સફાઈની કામગીરી**

- સોસાયટીઓમાં સફાઇ અન્વયે કુલ **૨૨૬ ટીમોની રચના** કરી તાકીદે કામગીરી હાથ ધરવામાં આવેલ છે. તદ ઉપરાંત દૈનિક ૧૩૦૦૦ જેટલા સફાઇ કામદાર દ્વારા તમામ ઝોનમાં જુદા જુદા પ્રકારના ૧૪૯ મશીનો / સાધનો દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ છે. ૫૦ રોડ ઉપર સઘન રાત્રી સફાઈની કામગીરી પણ હાથ ધરવામાં આવેલ છે.
- **દવાઓનુ વિતરણ:** શહેરમાં રોગચાળો ન પ્રસરે તે માટે **૧૫ ટન જંતુનાશક દવાનો છંટકાવ** કરવામાં આવેલ છે. જ્યારે ૧૦૦ મેટ્રીક ટન લાઈમ ડસ્ટ નો સ્ટોક તૈયાર રાખવામાં આવેલ છે. આ ઉપરાંત કલોરીન ટેસ્ટ, કલોરીન ગોળીઓનું વિતરણ પણ મોટા પ્રમાણમાં કરવામાં આવેલ છે.
- **રોગ ચાળો નિયંત્રણ:** મચ્છર ઉત્પત્તિ અટકાવવા આઇ.આર. એસ. એકટીવીટી અંતર્ગત **૬૨૫** કર્મચારીઓ દ્વારા **૧૩૩** મશીનોની મદદથી ૩૩,૦૦૦ ઘરોમાં ફોગીંગની કામગીરી કરવામાં આવેલ છે.

- ભારે વરસાદ બાદ શહેરમાં કુલ **૩૧૫** વાહનો દ્વારા **૭૩૨** ફેરા કરી **કુલ ૪૦૩૭** મેટ્રીક ટન કચરો ઉપાડવાની કામગીરી કરવામાં આવેલ છે.

**<u>અન્ય કામગીરી</u>**

- <u>ઝાડ પડવા ની ફરીયાદ</u>: કુલ ૩૫૩ ફરીયાદ પૈકી **તમામ ફરીયાદોનો નિકાલ.**
- **<u>ભયજનક મકાનો:</u>** કુલ **૧૨૭** ફરીયાદ પૈકી **૧૨૫** ફરીયાદોનો નિકાલ જ્યારે બે ફરીયાદની કામગીરી ચાલુ છે.
- **<u>અંડરપાસઃ</u> ૮ અંડરપાસ** પર ડીવોટરીંગ માટે **૨૫ પંપો** લગાડવવામાં આવેલ છે.હાલમાં તમામ અંડરપાસ વાહન વ્યવહાર માટે ચાલુ છે.
- **<u>પંપની વિગતો:</u>** ખારીકટ કેનાલની આસપાસમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ન ભરાય તે માટે ૪૬ સંપમાં ૭૬ પંપો તથા ૨૮ SWD પંપીંગ સ્ટેશનમાં ૬૨ પંપ, તથા ૬૨ ફાઇટર તથા મુવેબલ પંપ તેમજ ૮ વરુણ પંપ એમ મળી કુલ **૨૦૮ પંપો કાર્યરત** છે.
- ૬ ઝોનમાં કુલ ૨૫ કંટ્રોલ રૂમ(૨૪ x ૭) શરૂ કરવામાં આવેલ છે.
- માનનીય મેયરશ્રી દ્વારા નિયમીત રીતે મીડીયાને તમામ માહીતી પુરી પાડવામાં આવે છે આ ઉપરાંત દર રોજ સંજે ૪ વાગે પ્રેસ રીલીઝ પણ કરવામાં આવે છે. વધુમાં કરેલ કામગીરીની તમામ માહીતી સોશીયલ મીડીયામાં મુકવામાં આવે છે.

----------